અપીલ અરજી નં.૨૬૫ તા.૨૩–૧૨–૦૮/૦૯

અરજદારઃ ક્રાંતિ ક્રાઈમ ન્યુઝ
સામાવાળા ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

## ફરીયાદની હકીકતઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ ક્રાંતિ ક્રાઈમ ન્યુઝ, ગણેશભવન બિલ્ડીંગ, સેન્ટ્રલ રોડ નં.૫,ઉધના ઉધોગનગર,સુરતની તા.૭–૧૧–૦૮ની અરજીથી લીંબાયત ઝોનમાં ડોકટર નિગમ જયારથી ફરજ પર આવ્યા ત્યારથી લઈને અત્યાર સુધીની તેઓએ કરેલ કામગીરીની માસિક ડાયરીની નકલો તથા ફેરવેલ ગાડીની લોગબુકની નકલોની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૩–૧૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૬૫/૨૦૦૮–૦૯

ક્રાંતિ ક્રાઈમ ન્યુઝ, ગણેશભવન બિલ્ડીંગ, સેન્ટ્રલ રોડ નં.૫,ઉધના ઉધોગનગર,સુરતની તા.૭–૧૧–૦૮ની અરજીથી લીંબાયત ઝોનમાં ડોકટર નિગમ જયારથી ફરજ પર આવ્યા ત્યારથી લઈને અત્યાર સુધીની તેઓએ કરેલ કામગીરીની માસિક ડાયરીની નકલો તથા ફેરવેલ ગાડીની લોગબુકની નકલોની માહિતી આપવા બાબતે તા. ૩–૧૨–૦૮ થી દસ્તાવેજ ફી લોગબુકની ભરેલ હોવા છતાં માહિતી મળેલ નથી તથા ડાયરીની નકલોનો કોઈ ઉલ્લેખ કરેલ નથી તેવા કારણસર એપેલેટ ઓફિસરને તા.૨૩–૧૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ સહિત, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૨૪ તા.૨–૧–૦૯ થી ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી સા.ઈ.ઝોન/આ.નં.૩૫૭૯ તા.૧૫–૧–૦૯ ના રોજ અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારની મુળ અરજીમાં લીંબાયત ઝોનમાં ડોકટર નિગમ જયારથી ફરજ પર આવ્યા ત્યારથી લઈને અત્યાર સુધીની તેઓએ કરેલ કામગીરીની માસિક ડાયરીની નકલો તથા ફેરવેલ ગાડીની લોગબુકની નકલોની માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઈ.ઝોન/મહેકમ/૩૧૧૩ તા.૨–૧૨–૦૮ થી ઉપલબ્ધ રેકર્ડ મુજબ ડો. નિગમે ફેરવેલ ગાડીના લોગબુકના પાના નં.૫૦૪ ની નકલદીઠ રૂ.૨/– પ્રમાણે રૂ.૧૦૦૮/– ની રકમ જમાં કરાવ્યેથી કાર્યવાહી હાથ ધરવામાં આવશે એમ જણાવેલ. તથા જાહેર માહિતી અધિકારી તેમના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૧૭૧ તા.૫–૧૨–૦૮ થી અરજદારને તે માહિતી પૂરી પાડવા સાથે ડો. નિગમે માસિક ડાયરી રજુ કરેલ નહીં હોવાની પણ માહિતી આપ્યાનું જણાય છે તેમ છતાં ત્યાર બાદ પત્ર નં. સા.ઈ.ઝોન /મહેકમ/૩૫૪૮ તા.૧૩–૧–૦૯ ના પત્રથી અરજદારને આ બાબતે તેમણે તા.૫–૧૨–૦૮ ના રોજ માહિતી મેળવ્યાનું તથા ડો. નિગમે ડાયરી રજુ નહીં કરેલ હોવાની પુનઃ જાણ કરેલ. અરજદારે અપીલ અરજીમાં પત્ર નં.૩૧૧૩ તા.૨–૧૨–૦૮ ના પત્રની નકલ જેમાં ફકત લોગબુકની નકલ ફી ભરવાનું જણાવેલ છે. જેની રકમ તેમણે તા.૨–૧૨–૦૮ ના રોજ ભરેલ છે છતાં માહિતી મળેલ નથી. અને ડાયરીની નકલોનો કોઈ ઉલ્લેખ કરેલ નથી. જે અંગે લીંબાયતઝોન તરફથી અરજદારે લોગબુકની માહિતી તા.૫–૧૨–૦૮ ના રોજ મેળવ્યાની પહોંચ રજુ કરવામાં આવેલ હોય જેમાં અરજદારે તા.૫–૧૨–૦૮ ના રોજ માહિતી મેળ વેલ હોવાનું સ્પષ્ટ થાય છે.

## ***હુકમ***

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા.૭–૧૧–૦૮ ની અરજી બાબતે માંગવામાં આવેલી માહિતી પૈકી આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) માહિતીની વ્યાખ્યા તથા ૨ (જે) હેઠળ માહિતી અધિકારની વ્યાખ્યાથી કરેલ જોગવાઈ અનુસાર જાહેર સત્તા મંડળ કક્ષાએના અને નિયંત્રણ હેઠળની માહિતીનો સમાવેશ થાય છે અને જાહેર માહિતી અધિકારી તે પૂરી પાડેલ હોય તથા બાકીની માહિતી દફતરે રજુ થયેલ નહીં હોવાનું જણાવેલ હોઈ અપીલ અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી તેથી અપીલ દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી ( લીંબાયતઝોન )....જાણ તથા અમલ માટે
(૨) ક્રાંતિ ક્રાઈમ ન્યુઝ,